પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૨ ૨ જુલાઈ, ૨૦૧૭, રવિવાર ; અષાઢ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ન્યુ ઈન્ડિયાના નિર્માણનો શુભારંભ

**એક રાષ્ટ્ર એક ટેક્સ અને એક માર્કેટ મારફતે ન્યુ ઈન્ડિયાનો સુર્યોદય : દેશમાં તમામ ચીજવસ્તુઓ અને સર્વિસની કિંમતોમાં નવી વ્યવસ્થા અમલી બની : દેશની સ્વતંત્રતા બાદ સૌથી મોટા ઐતિહાસિક ટેક્સ સુધારાનો અમલ**





નવી દિલ્હી,તા. ૧

દેશભરમાં ઉજવણી વચ્ચે આખરે ઐતિહાસિક જીએસટી વ્યવસ્થા અમલી બની ગઈ છે. આની સાથે જ એક રાષ્ટ્ર એક ટેક્સ અને એક માર્કેટ મારફતે ન્યુ ઈન્ડિયાના નિર્માણની શરૂઆત થઈ ચુકી છે. એકંદરે જીએસટીથી મોટાભાગના લોકોને લાભ થશે તે અંગેનો દાવો મોદી સરકાર અને નિષ્ણાતો દ્વારા કરવામાં આળી રહ્યો છે. આનાથી દેશના જીડીપીમાં પણ સુધારો થશે. વડાપ્રધાન મોદી જીએસટી લોન્ચિંગ વેળા કહી ચુકયા છે કે, નવી વ્યવસ્થાથી સામાન્ય લોકો ઉપર કોઈ બોજ પડશે નહીં. જીએસટીના દોર પર દેશ આધુનિક ટેક્સ વ્યવસ્થાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ વ્યવસ્થા વધુ સરળ અને પારદર્શી છે. આનાથી બ્લેકમનીને રોકી શકાશે. ભ્રષ્ટાચારને રોકવામાં આવશે. જીએસટી પર સંસદમાં પહેલાના સાંસદો અને વર્તમાન સાંસદોએ સતત ચર્ચા કરી છે. બંધારણીય સભાની પ્રથમ સભા સાક્ષી તરીકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાની જેલમાં ૫૪૬ ભારતીય નાગરિકો કેદ છે

શ્રીનગર, તા. ૧

પાકિસ્તાનની જુદી જુદી જેલોમાં હાલમાં ૫૪૬ ભારતીય નાગરિકો હોવાના અહેવાલ મળ્યા છે. જે પૈકી આશરે ૫૦૦ માછીમારો છે. પાકિસ્તાન સરકાર દ્વારા આજે ઈસ્લામાબાદમાં ભારતીય હાઈકમિશનને યાદી સોંપવામાં આવી હતી. આ યાદી હાઈ કમિશનર ગૌત્તમ બંબાવાલેને ૨૧મી મે ૨૦૦૮ના દિવસે બંને દેશો વચ્ચે થયેલી સમજૂતિના ભાગરુપે સોંપવામાં આવી છે. વિદેશ કચેરીએ કહ્યું છે કે, ભારતીય કેદીઓમાં બાવન સામાન્ય નાગરિકો અને ૫૪૪ માછી મારો છે. આ પગલું રાજકીય સંપર્ક સમજૂતિ હેઠળ લેવામાં આવ્યું છે જે હેઠળ બંને દેશોને એક વર્ષમાં બે વખત પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈના દિવસે કસ્ટડીમાં રાખવામાં આવેલા કેદીઓ અંગે માહિતી આપવી પડશે.

## લશ્કર-એ-તોઈબાનો ટોપ કમાન્ડર ભારતીય સુરક્ષા દળોએ ફુંકી માર્યો

**કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા જવાનોને મોટી સફળતા**

શ્રીનગર, તા. ૧

કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા દળોએ આજે એક અથડામણમાં લશ્કરે તોઈબાના ટોપ કમાન્ડર બશીર લશ્કરી સહિત બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આની સાથે જ સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી. લશ્કરી ગયા મહિનામાં અચબલમાં પોલીસ દળ ઉપર કરવામાં આવેલા હુમલામાં સામેલ હતો. આ હુમલામાં પોલીસ અધિકારી ફિરોઝ અહેમદદાર સહિત છ પોલીસ જવાન શહીદ થયા હતા. ત્રાસવાદીઓએ શહીદોના મૃતદેહોને પણ ક્ષત-વિક્ષત કરી નાંખ્યા હતા. તેમના ચહેરા બગાડી દેવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીર પોલીસના ડીજીપી એસપી વૈદ્યએ શહીદોને ટૂંકમાં જ ન્યાય અપાવવાની વાત કરી હતી. આ ઘટનાના ૧૫ દિવસ બાદ જ સુરક્ષા દળોએ લશ્કરીને ઠાર મારી

● અનુસંધાન પાન-૭ પર

## ટંકારામાં આભ ફાટયુ, પાંચ કલાકમાં ૧૧ ઈંચ

**ગુજરાતભરમાં સાર્વત્રિક વરસાદ : ખેડૂતો ખુશખુશાલ : બનાસકાંઠાના થરાદ, ધાનેરા સહિત પંથક પાણીમાં ગરકાવ : દક્ષિણ ગુજરાતથી લઇ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ પંથકમાં પણ મેઘ મહેર**

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે મેઘરાજાએ જોરદાર પધરામણી કરી જમાવટ કરી છે, જેના કારણે ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. જો કે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં મેઘરાજાએ તેમનું સહેજ રૌદ્ર રૂપ બતાવતાં બનાસકાંઠાના ધાનેરા, થરાદ, પાટણ, દિયોદર ઉપરાંત સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાસ કરીને મોરબીના ટંકારા, વાંકાનેર, ધુનડા સહિતના સ્થળો જળબંબાકારમય બની ગયા હતા. તો, કચ્છના રાપર સહિતના પંથકોમાં પણ છેલ્લા બાર કલાકમાં આઠથી દસ ઈંચ વરસાદ ખાબકયો હતો. મોરબીના ટંકારામાં તો જાણે આભ ફાટયું હતું. માત્ર પાંચ કલાકમાં ૧૧ ઈંચથી વધુ વરસાદે ટંકારાને પાણીમાં ગરકાવ કરી દીધુ હતું.

ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે એનડીઆરએફની ટીમ સહિતની બચાવ ટીમોની મદદ લેવી પડી હતી. મોરબીમાં પાંચ ઈંચ તો, વાંકાનેરમાં છ ઈંચ વરસાદે જનજીવન ઘમરોળી નાંખ્યું હતું. રાજયભરમાં આજે મોટાભાગના તમામ વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ નોંધાતા લોકો મનમૂકીને ઝુમ્યા હતા. ટંકારા સહિતના જળબંબાકારવાળા વિસ્તારોમાં તો વરસાદે તારાજીનો પરચો આપ્યો હતો, જેના કારણે આ વિસ્તારના લોકો બેહાલ થઈ ગયા હતા. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં વધુ પડતા વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું તો, સાથે સાથે માણસો ફસાવાની, વાહનો ફસાવાની અને ઝાડ પડવાથી લઈને પાકને નુકસાનની અનેક

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટીના અમલની સાથે જ એક લાખ કંપનીઓ પર તાળા

**૩૭ હજાર એવી કંપનીઓની ઓળખ થઇ છે જે શંકાસ્પદ ઘેરામાં છે : લોકોને યોગ્ય રસ્તો બતાવવા સીએને અપીલ**

નવીદિલ્હી, તા. ૧

જીએસટી લોન્ચિંગ બાદ વડાપ્રધાન મોદીએ વધુ એક ઐતિહાસિક આયોજનમાં ભાગ લીધો હતો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના નવા કોર્સનું વિમોચન કર્યું હતું. આજે શનિવારે સાંજે નવા કોર્સને લોંચ કરતા મોદીએ દેશના એકાઉન્ટ્સને ઈકોનોમીને બચાવવાની અપીલ કરી હતી. આ પ્રસંગે મોદીએ જીએસટી લોન્ચિંગના મહત્વની વાત કરતા કહ્યું હતું કે, આનાથી જનતાને રાહત મળી શકશે. ટેક્સની જાળને વધારી શકાશે. તેમણે ઉમેર્યું હતું કે, એકબાજુ સમગ્ર સરકાર મિડિયા, અને વેપારી જગતનું ધ્યાન ૩૦મી તારીખે રાત્રે બાર વાગ્યા ઉપર હતું પરંતુ આનાથી ૪૮ કલાક પહેલા જ એક લાખ બનાવટી કંપનીઓ ઉપર તાળા વાગી ગયા હતા. માત્ર એક કલમ ચલાવીને આ કામ કરી દેવામાં આવ્યું છે. આ વિષય ઉપર પોતાની સરકારની સિદ્ધિની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, આ પ્રકારનો નિર્ણય રાષ્ટ્ર જીવન જીવવા માટે ઈચ્છુક લોકો માટે હોય છે. સાથે સાથે આવા સાહસી નિર્ણય રાષ્ટ્ર જીવન જીવનાર લોકો

● અનુસંધાન પાન-૭ પર

REQUIRE
Sales Officer
For Marketing of Construction Chemicals
Walk in Interview on
Dt.3rd July'17
between 11 to 6p.m.
At
Ambica Sales
Plot No. 602, Engg.Estate
Sector 28, Gandhinagar
Te. 9426087544

## દેશમાં જૂન મહિનામાં ચાર ટકા વધારે વરસાદ નોંધાયો

નવીદિલ્હી, તા. ૧

મોનસુન દેશભરમાં સક્રિય છે ત્યારે મોનસુન સિઝનના પ્રથમ મહિનામાં એટલે કે જૂન મહિનામાં ચાર ટકા વધારે વરસાદ નોંધાયો છે. પૂર્વીય ભારતને બાદ કરતા તમામ જગ્યાઓએ સારો વરસાદ થયો છે. આઈએમડીના કહેવા મુજબ જૂન મહિનામાં ૧૭૦.૨ મીમી વરસાદ થયો છે. દિવસના ૩૬ પૈકી ૨૯ સબડિવિઝનમાં સામાન્ય અથવા વધારે વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ પૂર્વીય ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં નોંધાયો છે. આઈએમડીના વૈજ્ઞાનિક ડી શિવાનંદનું કહેવું છે કે, આગામી થોડાક દિવસોમાં મોનસુનનું વલણ હિમાલયની ખીણથી ઉત્તર તરફ રહેશે. આનાથી એવા સ્થાનો ઉપર વધારે વરસાદ થશે જ્યાં હજુ સુધી ઓછો વરસાદ થયો છે. મધ્ય અને દક્ષિણ ભારતમાં ક્રમશઃ ૮ અને પાંચ ટકા વધારે વરસાદ નોંધાયો છે.




